# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 26/08/2026** **Morning : 7.10 to 7.20**
**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિદ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

1. **રાજ્યમાં ખાંડનો પુરતો સ્ટોક ઉપલબ્ધ.. સંગ્રહખોરી સામે કડક કાર્યવાહી કરવા રાજ્ય સરકારની તૈયારીઓ.**
2. **ખેડૂતોને સિંચાઇનુ પાણી આપવાનું યથાવત રાખવા નિર્ણય. સાત જિલ્લાઓમાં દસ કલાક વીજળી અપાશે. પશુપાલકો માટે ઘાસચારાની સરકારની વિશેષ વ્યવસ્થા.**
3. **કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ગુજરાતના ત્રણ દિવસના પ્રવાસ દરમિયાન વિવિધ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેશે.**
4. **નાયબ મુખ્યમંત્રી આજે 101 નવી બસોનું લોકાર્પણ કરશે.**
5. **હર્ષોલ્લાસ સાથે આજે ઇદ એ મિલાદની ઉજવણી. રાજ્યભરમાં જુલુસ નીકળશે.**

-----------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..**

# SUGAR STOCK

ખાંડની સંગ્રહખોરી સામે રાજ્ય સરકાર સતર્ક બની છે. ખાંડની સંગ્રહખોરી કરનારાઓ સામે કાર્યવાહી કરવા તંત્ર તૈયારીઓ કરી રહ્યું છે. વર્તમાન સ્થિતી વચ્ચે ખાંડના સ્ટોક, ભાવ અને સંગ્રહખોરી ડામવાના મુદ્દે પુરવઠા મંત્રીની અધ્યક્ષતામાં ગઇકાલે સાંજે ગાંધીનગર ખાતે ઉચ્ચસ્તરીય બેઠક યોજાઇ હતી.

પૂરવઠા વિભાગના અધિકારીઓ સાથે ખાંડના જથ્થા અને સંગ્રહ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. કેન્દ્ર સરકારની સૂચનાના આધારે રાજ્યમાં જરૂરી સૂચનાઓ જાહેર કરવામાં આવશે. આ બેઠક અંગેની વિગતો આપતા સરકારના પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું હતું કે રાજ્યમાં પુરતા પ્રમાણમાં ખાંડનો જથ્થો ઉપલબ્ધ છે.

## (BYTE: JITU VAGHANI, SPOKESPERSON MINISTER)

*("રાજ્યની જનતાને રાજ્ય સરકાર દ્વારા જણાવવું છે કે આપણે ત્યાં **17** જેટલી ખાંડ મીલો પ્રતિદિન **73,800** પિલાણની ક્ષમતા ધરાવે છે. **2** લાખથી વધુ ખેડૂતો શેરડી આપે છે અને એના થકી દર વર્ષે **9** લાખ મેટ્રિક ટન જેટલું ખાંડનું ઉત્પાદન એ રાજ્યમાં થઈ રહ્યું છે. હાલમાં ગુજરાતની ખાંડ મીલો પાસે **18** લાખ ક્વિન્ટલ જેટલો ખાંડનો જથ્થો ઉપલબ્ધ છે. ચાર મહિના ચાલે એટલો જથ્થો હાલ એ ખાંડનો રાજ્યમાં આપણી પાસે ઉપલબ્ધ છે.")*

# GUJARAT FARMERES SITUATION

રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોના ઉભા પાકને સુકાઈ જવાથી બચાવવા માટે સિંચાઈનું પાણી આપવાનું યથાવત રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આણંદ અને ખેડા જિલ્લામાં કનાડા ડેમમાંથી સિંચાઈ માટે પાણી છોડવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ખેડૂતો માટે અગાઉ આઠ કલાક વીજળી આપવામાં આવતી હતી, ત્યારે હવે સાત જિલ્લામાં ખેડૂતોને 10 કલાક વીજળી આપવાની શરૂઆત કરવામાં આવી હોવાનું કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું હતું.

પશુપાલકો અને પશુઓના હિતને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે ઘાસચારાની વ્યવસ્થા અંગે પણ મહત્વના પગલાં લીધા છે. ઘાસચારાની વ્યવસ્થા માટે કલેક્ટરોને જરૂરી સત્તા આપવામાં આવી છે અને જરૂરિયાતવાળા વિસ્તારોમાં રાહત દરે ઘાસચારો આપવામાં આવી રહ્યો છે.

# AMIT SHAH

કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ ગુજરાત પ્રવાસ દરમિયાન આવતીકાલે સવારે અમરેલીના લાઠીમા દુધાળા-હેતની હવેલી ખાતે તળાવના લોકાર્પણ કાર્યક્રમમાં હાજરી આપવાના છે. જેને લઈ દુધાળા-હેતની હવેલી વિસ્તારને 'નો-ફ્લાય ઝોન' જાહેર કરવામાં આવ્યો છે.

આ કાર્યક્રમ પછી શ્રી શાહ અમદાવાદમા યોજાનાર ઓલમ્પિક અને કોમનવેલ્થ ગેમની તૈયારીઓની સમીક્ષા બેઠક યોજશે. સમીક્ષા બેઠક બાદ શ્રી શાહ ગુજરાત વિદ્યાપીઠના 71માં પદવીદાન સમારોહમા હાજરી આપશે. અને એ બાદ સાંજે ઘાટલોડિયા વિધાનસભાના લોકદરબારમા પણ હાજરી આપશે.

# NEW ST BUS HARSH SANGHVI

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી આજે સવારે નવી **101** બસોનું લોકાર્પણ કરશે. રક્ષાબંધનના તહેવાર નિમીત્તે બહેનોની સરળ મુસાફરીને ધ્યાનમાં રાખીને આજે ગાંધીનગરના હેલીપેડ ખાતે નવી બસોને માર્ગો ઉપર દોડતી કરવામાં આવશે.

# PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 30 ઓગસ્ટે આકાશવાણી પર મન કી બાત કાર્યક્રમમાં દેશ વિદેશના લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 137મી કડી હશે. નાગરિકો ટોલ-ફ્રી નંબર 1800-11-7800 દ્વારા કાર્યક્રમ માટે પોતાના વિચારો અને સૂચનો મોકલી શકે છે.

તેઓ નરેન્દ્ર મોદી એપ અથવા MyGov ઓપન ફોરમ દ્વારા ઓનલાઈન પણ પોતાનો અભિપ્રાય મોકલી શકે છે. નાગરિકો 1922 પર મિસ્ડ કોલ આપી SMSમાં મળેલી લિંકને અનુસરીને સીધા પ્રધાનમંત્રીને પોતાના સૂચનો મોકલી શકે છે. આ કડી માટે સૂચનો આ મહિનાની 28મી તારીખ સુધી મોકલી શકાશે.

# ATS ARREST

ગુજરાત એન્ટી ટેરરિસ્ટ સ્ક્વોર્ડે પાલનપુર અને અમદાવાદના માધુપુરા વિસ્તારમાંથી પંજાબ અને હિમાચલ પ્રદેશ પોલીસને મોસ્ટ વોન્ટેડ એવા બે શખ્સોને હોટલમાંથી ઝડપ્યા છે. પકડાયેલા આરોપીઓમાં એક પંજાબનો શાર્પશૂટર સુખમિન્દર સિંહ ઉર્ફે સુખી છે, જ્યારે બીજો શિમલામાં પકડાયેલા કરોડોના હેરોઈન ડ્રગ સ્મગલિંગ કેસનો મુખ્ય સૂત્રધાર આઝાદસિંહ વાલ્મિકી છે. આ બંને આરોપીઓની સઘન પૂછપરછ કરવામાં આવી રહી છે તેમજ બંને આરોપીઓને સંબધિત રાજ્યની પોલીસને સોંપવાની કામગીરી કરવામાં આવી રહી છે.

# AHMEDABAD CP TERA TUJKO ARPAN

**અમદાવાદ પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતની અધ્યક્ષતામાં ઝોન 4 ખાતે યોજાયેલા 'તેરા તુજકો અર્પણ'કાર્યક્રમ અંતર્ગત 610 મોબાઇલ અને સાયબર ફ્રોડના 21 લાખ 82 હજાર 490 રૂપિયા જ્યારે સોનાની રણી, રીક્ષા તથા એકટીવા મળી કુલ 7 લાખ 38 હજાર 650 રૂપિયા એમ કુલ 1 કરોડ 30 લાખ 60 હજારનો મુદ્દા માલ અરજદારોને પરત સોંપવામા આવ્યો હતો. CEIR પોર્ટલની મદદથી રિકવર કરાયેલા ફ્રોન અને છેતરપિંડીનો ભોગ બનેલા 26 અરજદારોને ચેક અર્પણ કરવામાં આવ્યો હોવાનું અમદવાદના પોલીસ કમિશનર અનુપમ સિંહ ગેહલોતે જણાવ્યું હતું.**

## (BYTE: CP ANUPAM SINH GEHLOT)

***("જે અમારા જે પ્રજાજનો છે એના મોબાઈલ ફ્રોન જે ચોરી ગયા હોય, મિસિંગ થયા હોય, તમામ શોધીને કુલ ૬૧૦ જેટલા મોબાઈલ ફ્રોન રિકવર કરવામાં આવેલા છે જેની કિંમત ૧ કરોડથી વધુ છે. અને આમાં લગભગ ૫૦૦ મોબાઈલ ફ્રોન આપણા અમદાવાદ શહેરના અલગ અલગ જગ્યાઓથી શોધવામાં આવેલા અને લગભગ ૫૦ જેટલા મોબાઈલ ગુજરાતના અન્ય જિલ્લાઓમાંથી અને ૫૦ જેટલા મોબાઈલ અન્ય રાજ્યોમાંથી શોધીને આજે એના મૂળ માલિકોને પરત કરવામાં આવી રહ્યા છે.")***

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.**

ગોન્ગ મ્યુઝિક

......................................

ડેસ્ક

# ARVALLI PROHIBITION CASE

અરવલ્લી જિલ્લામા દારૂનો ધંધો કરનારા સામે કાર્યવાહી કરવામા આવી છે. અરવલ્લી પોલીસે ચાલુ વર્ષે 21 ઓગસ્ટ સુધીના સમયગાળા દરમિયાન દેશી વિદેશી દારૂના પ્રોહીબિશનના 4 હજાર 278 ગુન્હા નોંધી 4 હજાર 457 દારૂનો ધંધો કરનારા શખ્સોને ધરપકડ કરી 28 કરોડથી વધુનો વિદેશી દારૂ સહિત મુદ્દામાલ જપ્ત કર્યો હોવાનું **DYSP** જે. ડી. વાઘેલાએ જણાવ્યું હતું.

## (BYTE – J. D. VAGHELA, DYSP, ARAVALLI)

*"છેલ્લા એક વર્ષમાં આપણે જોવા જઈએ તો અરવલ્લી જિલ્લાની અંદર ટોટલ આપણે જોઈએ તો ૨૮ કરોડ રૂપિયાનો આપણે મુદ્દામાલ પકડ્યો છે. એના અંદર ગણનાપાત્ર જે કેસો કહેવાય એ ૯૬ જેટલા કરવામાં આવેલા છે. કુલ મળીને ૪૨૭૮ જેટલા કેસો થયેલા છે અને એના અંદર ૪૪૫૭ જેટલા આરોપીઓની અટકાયત કરવામાં આવેલી છે."*

# PORBANDAR LOKMELO

પોરબંદર ખાતે યોજાનારા જન્માષ્ટમીના લોકમેળાને લઈને સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. આ વર્ષે મેળામાં આવતા લાખો મુલાકાતીઓની સુરક્ષા અને સલામતીને ધ્યાને રાખી પોરબંદર મહાનગરપાલિકા દ્વારા પાંચ દિવસીય લોકમેળા માટે 15 કરોડ રૂપિયાનો વીમા કવચ લેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

આ અંગે મનપા દ્વારા વીમા કંપનીને પ્રીમિયમ ચૂકવીને વીમો મેળવવાની જરૂરી વહીવટી કાર્યવાહી  હાથ ધરવામા આવી છે. મેળા દરમિયાન જો કોઈ આકસ્મિક દુર્ઘટના કે અકસ્માત સર્જાય અને કોઈ મુલાકાતીનું આકસ્મિક મૃત્યુ થાય તો તેના પરિવારને 10 લાખ રૂપિયા, જ્યારે અકસ્માતને કારણે કાયમી દિવ્યાંગતા આવે તો 7.5 લાખ રૂપિયાની સહાય અને અકસ્માતમાં ઘાયલ કે ઇજાગ્રસ્ત થાય તો વ્યક્તિને સારવાર માટે 2 લાખ રૂપિયા સુધીની સહાય મળશે.

# EID E MILAD

આજે મુસ્લિમ બિરાદરો ઇદ એ મિલાદની ઉજવણી કરી રહ્યાં છે. અમદાવાદ સહિત રાજ્યભરમાં ગઇકાલે મોડીરાત્રથી આ ઉજવણી થઇ રહી છે. ઈદે મિલાઉન નબીના પવિત્ર પ્રસંગે નિયાઝ અને વિવિધ ઉજવણીના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં મુસ્લિમ બિરાદરો ઉપસ્થિત રહ્યા હતા અને ધાર્મિક માહોલ જોવા મળ્યો. આજે રાજ્યભરમાં પોલીસના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે જુલુસ નીકળશે.

# WESTERN RAILWAY RAMASHRAY PANDE

પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર રામાશ્રય પાંડેએ રાજકોટ અને દ્વારકા સ્ટેશનોનું નિરીક્ષણ કરી મુસાફરનો મળતી સુવિધાઓ, સ્વચ્છતા, સુરક્ષા અને સંચાલન વ્યવસ્થાઓની સમીક્ષા કરી હતી. આ સાથે જ 28 કરોડ 71 લાખના ખર્ચે પુનઃવિકસિત રાજકોટ ગુડ્સ શેડનું લોકાર્પણ કરવામાં આવ્યુ.

આ સાથે શ્રી પાંડેએ દ્વારકા સ્ટેશનનું પણ નિરીક્ષણ કર્યું હતું અને અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ ચાલી રહેલા વિવિધ વિકાસ કાર્યોની પ્રગતિની સમીક્ષા કરી હતી. તેમણે ફૂટ ઓવર બ્રિજ **(FOB)**, લિફ્ટ, પ્લેટફોર્મ, વેઇટિંગ રૂમ, કેટરિંગ સ્ટોલ, એક્ઝિક્યુટિવ લાઉન્જ અને સર્ક્યુલેટિંગ એરિયાનું નિરીક્ષણ કરીને ઉપલબ્ધ મુસાફર સુવિધાઓ અને વ્યવસ્થાઓની સમીક્ષા કરી હતી.

# WEATHER

હવામાન વિભાગના વૈજ્ઞાનિક અભિમન્યુ ચૌહાણના જણાવ્યા અનુસાર અમદાવાદ સહિત રાજ્યના અન્ય વિસ્તારોમાં સામાન્ય વરસાદ વરસવાની સંભાવના છે.

મુખ્યત્વે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના જ કેટલાક વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદી ઝાપટાં પડી શકે છે, પણ તેનાથી વધુ ભારે વરસાદની હાલ કોઈ શક્યતા નથી. આ ઉપરાંત, આવનારા અઠવાડિયામાં રાજ્યના તાપમાનમાં પણ કોઈ મોટો કે નોંધપાત્ર ફેરફાર જોવા મળશે નહીં. રાજ્યમાં આજે સવારે છ વાગે પૂરાં થતાં 24 કલાકમાં 16 તાલુકાઓમાં વરસાદ વરસ્યો છે.

**(BYTE: ABHIMANYU CHAUHAN, SCIENTIST, METEOROLOGICAL DEPARTMENT)**

*("અમદાવાદમાં આગામી સાત દિવસો સુધી ખૂબ જ હળવો વરસાદ જોવા મળી શકે છે. વરસાદના એકથી બે ઝાપટાં પડી શકે છે, પરંતુ અમદાવાદ અને ગાંધીનગર સહિત સમગ્ર ઉત્તર ગુજરાતમાં મોટેભાગે સૂકું હવામાન રહેવાની સંભાવના છે. જો આપણે આ સિઝનમાં સમગ્ર ગુજરાતમાં કુલ વરસાદની વાત કરીએ, તો અત્યાર સુધીમાં રાજ્ય સ્તરે એકંદર વરસાદમાં 7% ની ઘટ નોંધાઈ છે.")*

# CRICKET

ક્રિકેટમાં, કોલંબોમાં ભારત સામેની બીજી અને અંતિમ ક્રિકેટ ટેસ્ટ મેચ રસપ્રદ બની ગઇ છે. શ્રીલંકાએ ત્રીજા દિવસની રમતના અંતે પ્રથમ ઇનિંગમાં 8 વિકેટે 265 રન બનાવ્યા છે. ગઇકાલની રમતના અંતે, સોનલ દિનુશા 85 રન અને લાહિરુ કુમારા 8 રન સાથે રમતમાં હતા.

શ્રીલંકાને ફોલોઓન ટાળવા માટે 39 રનની જરૂર છે. દરમિયાન ભારતે તેની પ્રથમ ઇનિંગ 9 વિકેટે 503 રન પર ડિકલેર કરી હતી. શ્રીલંકા હજુ પણ ભારતથી 238 રન પાછળ છે. ભારત તરફથી પ્રસિધ્ધ કૃષ્ણા અને માનવ સુથારે ત્રણ ત્રણ વિકેટ ઝડપી છે.

# FOOTBALL

ગુજરાત સ્ટેટ ફૂટબાલ અસોશિએશન દ્વારા આયોજિત સબ- જૂનિયર બોયઝ ઇન્ટર ડિસ્ટ્રિક્ટ ફૂટબોલ ટુર્નામેન્ટમાં આજે પ્રથમ મેચ કચ્છ અને પંચમહાલ વચ્ચે, બીજી મેચ વડોદરા અને ગાંધીનગરની ટીમો વચ્ચે, ત્રીજો જુનાગઢ અને ભાવનગરની ટીમો વચ્ચે, જ્યારે ચોથી મેચ મહેસાણા અને અમદાવાદ વચ્ચે રમાશે.

ગઇકાલે રમાયેલી મેચમાં કચ્છની ટીમે બનાસકાંઠાની ટીમને, વડોદરાએ ભરુચની ટીમને, જુનાગઢ જીલ્લાની ટીમે સુરેન્દ્રનગર જીલ્લાની ટીમને અને મહેસાણા જીલ્લાની ટીમે તાપીની ટીમને મહાત આપી હતી.